# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 05-04-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી

સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

---

- ✓ રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિએ સતત સાતમી વખત રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી..
- ✓ ચૂંટણી પંચ, ગત ચૂંટણીમાં મતદાનની ટકાવારી સૌથી ઓછી હતી તેવા 11 રાજ્યોના જિલ્લાઓના ચૂંટણી અધિકારીઓ અને મહાનગરપાલિકા કમિશનરો સાથે બેઠક ચાલી રહી છે.
- ✓ ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં UPI નો ઉપયોગ કરીને કેશ ડિપોઝિટ મશીન દ્વારા રોકડ જમા કરવાની મંજૂરી આપશે.
- ✓ CBSE એ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 મુજબ પરીક્ષા આકારણી અને મૂલ્યાંકન પદ્ધતિઓમાં ફેરફાર કર્યા.
- ✓ IPL ક્રિકેટ સ્પર્ધામાં આજે સનરાઈઝર્સ હૈદરાબાદ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *REV. BI-MONTHLY RBI-POLICY*

રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિ એ સતત સાતમી વખત રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી.

રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે આજે દ્વિ-માસિક નાણાકીય નીતિની જાહેરાત કરી હતી અને રેપો રેટને 6.5 ટકા પર રાખ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષમાં કુલ સ્થાનિક ઉત્પાદન દર 7 ટકા અને ગ્રાહક ભાવ સૂચકાંક ફુગાવો 4.5 ટકા રહેવાની શક્યતા છે. તેમણે કહ્યું કે 29 માર્ચ, 2024ના રોજ ભારતનો વિદેશી મુદ્રા ભંડાર 645.6 અબજ ડોલરના અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો છે.

રિઝર્વ બેંકના ગવર્નરે કહ્યું કે આ વર્ષે વૈશ્વિક વેપારમાં સુધારો થવાની ધારણા છે પરંતુ તે સરેરાશથી નીચે રહેશે. સ્થાનિક સ્તરે, ગ્રામીણ વિસ્તારોમાં માંગ વધી રહી છે, અસંગઠિત ક્ષેત્રમાં સુધારો થઈ રહ્યો છે અને રોકાણ વધી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, ભૌગોલિક રાજકીય પરિસ્થિતિઓ અને જાહેર દેવુંનું ઉચ્ચ સ્તર ઉભરતી અર્થવ્યવસ્થાઓ માટે ગંભીર ચિંતાનો વિષય છે.

## *REV EC- MEETING*

ચૂંટણી પંચ, ગત ચૂંટણીમાં મતદાનની ટકાવારી સૌથી ઓછી હતી તેવા 11 રાજ્યોના જિલ્લાઓના ચૂંટણી અધિકારીઓ અને મહાનગરપાલિકા કમિશનરો સાથે બેઠક બેઠક ચાલી રહી છે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારની અધ્યક્ષતામાં ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ સાથે બેઠક નવી દિલ્હીમાં બેઠક યોજાઈ રહી છે. આ બેઠકમાં આગામી લોકસભા ચૂંટણીમાં મતદાન વધારવાના મુદ્દે ચર્ચા કરવામાં આવશે. તે ચોક્કસ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ઓછા મતદાનના મુદ્દાને ઉકેલવા

માટે લક્ષિત અને ચોક્કસ કાર્ય યોજનાઓ તૈયાર કરશે. દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, બેંગલુરુ, હૈદરાબાદ, અમદાવાદ, પુણે, થાણે, નાગપુર, પટના સાહિબ, લખનૌ અને કાનપુરના મ્યુનિસિપલ કમિશનરો અને બિહાર અને ઉત્તર પ્રદેશના પસંદગીના જિલ્લા ચૂંટણી અધિકારીઓ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે.

આ ઉપરાંત, નવ રાજ્યોમાં સૌથી ઓછું મતદાન ધરાવતા 50 થી વધુ ગ્રામીણ સંસદીય મતવિસ્તારોને પણ ચોક્કસ મુદ્દાઓ પર વિચાર-વિમર્શ કરવા અને મતદાનની ટકાવારી વધારવા માટેની વ્યૂહરચના વિકસાવવા માટે ઓળખવામાં આવ્યા છે.

## *SECOND PHASE*

લોકસભાની 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 88 બેઠકોની આગામી 26મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની આજે ચકાસણી થશે.

જોકે જમ્મુ અને કાશ્મીરની બેઠક માટેના ઉમેદવારીપત્રોની ચકાસણી છઠ્ઠી એપ્રિલે હાથ ધરાશે.

26મી એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણીમાં કેરળની લોકસભાની 22, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની દરેકની આઠ આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહારની દરેકની પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમા 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા અને જમ્મુ કાશ્મીરની દરેકની એક બેઠકની ચૂંટણી યોજાશે. મતગણતરી આગામી ચોથી જૂને હાથ ધરાશે.

## *REV.MUMBAI-RBI-UPI*

ભારતીય રિઝર્વ બેંક ટૂંક સમયમાં UPI નો ઉપયોગ કરીને કેશ ડિપોઝિટ મશીન દ્વારા રોકડ જમા કરવાની મંજૂરી આપશે. અત્યાર સુધી UPI નો ઉપયોગ મુખ્યત્વે પૈસા ઉપાડવા અથવા મની ટ્રાન્સફર માટે થાય છે.

ગવર્નર શક્તિકાંત દાસે આજે જણાવ્યું હતું કે, આ પગલાથી ગ્રાહકોની સુવિધામાં વધુ વધારો થશે અને બેંકોમાં કરન્સી હેન્ડલિંગ પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બનશે. RBI એ પ્રીપેડ પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ (PPI) વોલેટ્સમાંથી UPI પેમેન્ટ કરવા માટે થર્ડ-પાર્ટી UPI એપ્સના ઉપયોગની પરવાનગી આપવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. આનાથી ગ્રાહકોની સગવડતામાં વધારો થશે અને નાના મૂલ્યના વ્યવહારો માટે ડિજિટલ પેમેન્ટને અપનાવવામાં પ્રોત્સાહન મળશે.

## *ECI- ATISHI*

ચૂંટણી પંચે આજે આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મંત્રી આતિશીને નોટિસ આપી છે તેમના પર આરોપ છે કે તેમની રાજકીય કારકિર્દી બચાવવા માટે તેમને ભાજપમાં જોડાવા માટે સંપર્ક કરવામાં આવ્યો હતો.

નોટિસમાં કમિશને જણાવ્યું હતું કે મતદારો તેમના નેતાઓ દ્વારા જાહેર મંચ પરથી જે પણ કહેવામાં આવે છે તે માનવાનું વલણ ધરાવે છે અને જેથી તેમના દ્વારા કરવામાં આવેલા નિવેદનો પ્રચાર પ્રવચનને અસર કરે છે. ચૂંટણી પંચે ઉમેર્યું હતું કે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે AAP નેતા દ્વારા કરવામાં આવેલા નિવેદનોમાં તથ્યપૂર્ણ પાયો હોવો જોઈએ. આ પહેલા ભાજપે આતિશી વિરુદ્ધ તેના આરોપો પર ફરિયાદ દાખલ કરી હતી.

## *ARUNACHAL PRADESH*

અરુણાચલ પ્રદેશમાં બે સંસદીય બેઠકો માટે 19 એપ્રિલે એક જ તબક્કામાં ચૂંટણી યોજાશે.

અરુણાચલ પૂર્વ સંસદીય મતવિસ્તાર માટે છ સ્પર્ધકો મેદાનમાં છે. તાપીર ગાઓ બેઠક પરથી ભાજપના ઉમેદવાર અને વર્તમાન સંસદ સભ્ય ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર બોસીરામ સિરામ સામે મુખ્ય સ્પર્ધાનો સામનો કરશે.

બોસીરામ સિરામ કોંગ્રેસના ખૂબ જ વરિષ્ઠ નેતા અને રાજ્યના ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી છે. ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત, રાજ્યની નવી રચાયેલી પાર્ટી, અરુણાચલ ડેમોક્રેટિક ફ્રન્ટે પણ મતદારક્ષેત્ર માટે ઉમેદવાર ઉતાર્યા છે. બાકીના ત્રણ અપક્ષ ઉમેદવારો છે. અરુણાચલ પૂર્વ સંસદીય મતવિસ્તારમાં 375310 મતદારો છે, જેમાં 189740 પુરૂષ, 185569 મહિલા અને એક ટ્રાન્સજેન્ડર મતદાર છે. સંસદીય મતવિસ્તારમાં 27 વિધાનસભા મતવિસ્તાર અને 920 મતદાન મથકો છે.

## *REV. PM RAJASTHAN CAMPAIGNING*

દેશના વિવિધ ભાગોમાં લોકસભાની ચૂંટણીનો પ્રચાર વેગ પકડી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજસ્થાનના ચુરુમાં જાહેર સભાને સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રીની રેલીને ધ્યાનમાં રાખીને વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે, સભામાં મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને કેન્દ્રીય મંત્રી અર્જુનરામ મેઘવાલ હાજર હતા..

પ્રધાનમંત્રી આવતીકાલે પુષ્કરની મુલાકાત લેશે. ત્યાં તેઓ નાગૌર અને અજમેર સંસદીય બેઠકોના પક્ષના ઉમેદવારોની તરફેણમાં ચૂંટણી રેલી કરશે. ભારતીય જનતા પાર્ટીના રાજ્ય મહાસચિવ જિતેન્દ્ર ગોથવાલે કહ્યું કે, પાર્ટીએ પ્રધાનમંત્રી મોદીની ચૂંટણી રેલીનું નામ વિજય સંકલ્પ સભા રાખ્યું છે. ગઈકાલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ચિત્તોડગઢમાં નામાંકન રેલીને સંબોધિત કરી હતી.

## *CBSE-EXAM PATTERN*

કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ -CBSE એ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 મુજબ પરીક્ષા આકારણી અને મૂલ્યાંકન પદ્ધતિઓમાં ફેરફાર કર્યા છે. આ નવી પહેલમાં, વધુ યોગ્યતા-આધારિત પ્રશ્નો હશે જ્યારે અભિવ્યક્તિ આધારિત પ્રશ્નોની સંખ્યા ઓછી હશે.

સુધારેલ માર્ગદર્શિકા અનુસાર, ધોરણ 11 અને 12 માં પરીક્ષાઓમાં બહુવિધ પસંદગીના પ્રશ્નો, પરિસ્થિતિ આધારિત પ્રશ્નો અથવા અન્ય કોઈપણ પ્રકારના પ્રશ્નોની સંખ્યા ચાલીસથી વધારીને પચાસ ટકા કરવામાં આવી છે. બીજી તરફ, સત્ર 2024-25ની પરીક્ષાઓમાં ટૂંકા જવાબ અને લાંબા જવાબના પ્રશ્નો સહિતના અભિવ્યક્તિ આધારિત પ્રશ્નો ચાલીસ ટકાથી ઘટાડીને ત્રીસ ટકા કરવામાં આવ્યા છે.

જો કે, નવા શૈક્ષણિક સત્ર 2024-25 માટે ધોરણ 9 અને 10 માટે વર્ષના અંતની પરીક્ષા માટે પ્રશ્નપત્રોની રચનામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## *AKASHVANI DD*

આગામી લોકસભા ચૂંટણી માટે આકાશવાણી અને દૂરદર્શન પર માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય પક્ષોને પ્રસારણ માટે સમય ફાળવવાની કાર્યવાહી ગઇકાલે રંગ ભવન, નવી દિલ્હી  ખાતે યોજાઈ હતી.

દરેક રાષ્ટ્રીય પાર્ટીને આકાશવાણી અને દૂરદર્શન પર 45-45 મિનિટ આપવામાં આવશે. છ રાષ્ટ્રીય પક્ષોને પણ વધારાનો સાડા પાંચ કલાકનો પ્રસારણ સમય આપવામાં આવ્યો છે. જે મુજબ આ પ્રસારણ આ મહિનાની 16મી અને 23મી તારીખે અને આવતા મહિનાની 3જી, 10મી, 17મી, 22મી અને 29મી તારીખે કરવામાં આવશે.

## *REV. UGC-TELEMANAS*

વિશ્વવિદ્યાલય અનુદાન આયોગે તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને ટોલ-ફ્રી માનસિક આરોગ્ય હેલ્પલાઇન વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો નિર્દેશ આપ્યો છે.

આયોગે તમામ યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરો અને તમામ કોલેજોના એક પરિપત્રમાં જણાવ્યું છે કે, આરોગ્ય મંત્રાલયની ટેલિમાનસ માનસિક આરોગ્ય હેલ્પલાઇન પ્રશંસનીય કાર્ય કરી રહી છે અને લોકોને આ અંગે જાગૃત કરવામાં આવે. આયોગે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને તેનો વ્યાપક પ્રચાર કરવા જણાવ્યું છે. ટેલિમાનસ હેલ્પલાઇન 24 કલાક નિશુલ્ક ઉપલબ્ધ છે.

## *DRDO YOUNG SCIENTISTS-NSTL*

નેવલ સાયન્સ એન્ડ ટેક્નોલોજીકલ લેબોરેટરી (NSTL), વિશાખાપટ્ટનમ ખાતે 3 દિવસીય DRDO યંગ સાયન્ટિસ્ટ મીટનું ઉદગાટટન DRDO અધ્યક્ષ  અને સેક્રેટરી ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ આર એન્ડ ડી ડૉ. સમીર વી. કામતે કર્યું.

શ્રી કામતે યુવા વૈજ્ઞાનિકોને DRDOને વધુ ઉંચાઈઓ પર લઈ જવા માટે બદલાતી વૈશ્વિક વ્યવસ્થા અને ટેક્નોલોજીને અનુરૂપ બનવાની સલાહ આપી હતી. ડીઆરડીઓ યંગ સાયન્ટિસ્ટ મીટ સંરક્ષણ વિજ્ઞાન અને ટેકનોલોજીથી સંબંધિત સમકાલીન અને ભાવિ વિષયો શેર કરવા અને ચર્ચા કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે

## *IPL CRICKET RESULT*

IPLમાં આજે હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે સાંજે સાડા સાત વાગે મુકાબલો થશે.

દરમ્યાન ગઇકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પંજાબ કિંગ્સે ગુજરાત  ટાઇટન્સને ત્રણ વિકેટે હરાવ્યું હતું. પંજાબે 200 રનનો લક્ષ્યાંક 19 ઓવર અને 5 બોલમાં 7 વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. પંજાબ માટે શશાંકસિંહ  61 રન બનાવીને અણનમ રહ્યો હતો.

પ્રથમ બેટિંગ કરતાં ગુજરાત ટાઇટન્સે કેપ્ટન શુભમન ગિલના 48 બોલમાં અણનમ 89 રનની મદદથી નિર્ધારિત 20 ઓવરમાં ચાર વિકેટે 199 રન બનાવ્યા હતા. પંજાબ તરફથી કાગીસો રબાડાએ બે વિકેટ ઝડપી હતી. શશાંક સિંહને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.